| GJPM010040242025 | | | | |
|---|---|---|---|---|
| | કેસ રજુ તારીખ: | ૨૧–૧૧–૨૦૨૫ | | |
| | કેસ નોધ્યા તારીખ : | ૨૧–૧૧–૨૦૨૫ | | |
| | કેસ ફેંસલ કર્યા તારીખ: | ૦૧–૦૪–૨૦૨૬ | | |
| | સમયગાળો : | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૦ | ૦૪ | ૧૧ |

**Exh.-103**

| પંચમહાલ જિલ્લાનાં મે. સ્પે.કોર્ટ(પોક્સો) અને ચોથી એડીશનલ સેશન્સ કોર્ટ સમક્ષ, મુ.ગોધરા, જિ.પંચમહાલ.<br>**જજમેન્ટ તારીખ : ૦૧/૦૪/૨૦૨૬**<br>**સ્પે.કેસ (પોક્સો)નં. ૬૪/૨૦૨૫**<br>ગોધરા તાલુકા પો.સ્ટેશન ગુ.ર.નં. ૧૧૨૦૭૦૨૪૨૫૦૮૮૩/૨૦૨૫<br>ભારતીય ન્યાય સંહિતાની કલમ ૮૭, ૧૩૭(૨), ૬૪(૧)(૨)(એમ), ૬૫(૧) તથા જાતિય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમની કલમ–૪,૬, ૧૨ મુજબ. | |
|---|---|
| Complainant | ગુજરાત રાજય |
| Represented by | વિ.એ.પી.પી. શ્રી એમ.કે.દેશમુખ |
| Accused | રવિન્દ્રભાઇ બલુભાઇ બારીઆ<br>ઉ.વ.–૧૯,<br>રહે. ચેનપુર ધાટી ફળીયુ, તા. દેવગઢ બારીઆ,<br>જિ. દાહોદ. |
| Represented by | વિ.ડીફેન્સ કાઉન્સેલ શ્રી વી.વાય. ત્રિપાઠી |

**FORM-B**

| | |
|---|---|
| Date of Offence | 20-05-2025 |
| Date of FIR | 04-08-2025 |
| Date of Charge sheet | 21-11-2025 |
| Date of Framing of Charges | 02-12-2025 |
| Date of commencement of evidence | 10-12-2025 |
| Date on which Judgment is reserved | 20-03-2026 |

| Date of the Judgment | 01-04-2026 |
|---|---|
| Date of the Sentencing Order, if any | -- |

## Accused Details

| Rank of the Acc-used | Name of Accu-sed | Date of Arrest | Date of Release on Bail | Offence charged with | Whether Acquitted or convicted | Sentence Imposed | Period of Deten-tion Under-gone during Trial for purpose of section 428, Cr.PC |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | રવિન્દ્રભાઇ બલુભાઇ બારીઆ | ૧૮/૯/૨૫ | યુ.ટી.પી. | બી.એન.એસ.ની કલમ ૮૭, ૧૩૭(૨), ૬૪(૧)(૨)(એમ), ૬૫(૧) તથા પોકસો એકટ ની કલમ–૪, ૬, ૧૨ મુજબ | Acquitted | – | – |

**:: ચુકાદો ::**

**૧.** ધી પોકસો એકટની જોગવાઇઓ તથા નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદાઓમાં પ્રસ્થાપિત સિધ્ધાંતને લક્ષમાં રાખી આ ચુકાદામાં ભોગબનનારના નામનો ઉલ્લેખ કરવામાં આવેલ નથી અને તેના નામની જગ્યાએ 'ભોગબનનાર' તરીકે ઉલ્લેખ કરેલ છે અને ભોગબનનારના સગાવહાલાના નામના સ્થાને ભોગબનનારના સંદર્ભમાં તેમનું સગપણ દર્શાવી તેમનો ઉલ્લેખ કરેલ છે.

**૨.** આરોપી ભારતીય ન્યાય સંહિતાની કલમ ૮૭, ૧૩૭(૨), ૬૪(૧)(૨)(એમ), ૬૫(૧) તથા ધી પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસુઅલ ઓફેન્સ એકટની (જેનો હવે પછી '' પોકસો એકટ '' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) કલમ –૪,૬ અને ૧૨ મુજબ શિક્ષાને પાત્ર ગુનામાં ઇન્સાફી કાર્યવાહીનો સામનો કરી રહેલા છે.

**3.** ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આરોપી અને ભોગબનનાર વચ્ચે અગાઉ ઓળખાણ થયેલી અને આરોપીએ ભોગબનનારને ફોન લઈ આપેલ અને તેઓ એકબીજા સાથે વાતચીત કરતાં અને એકબીજાને મળતા અને તે વખતે ભોગબનનાર સાથે આરોપીએ

શરીરસંબંધ બાંધેલો. ત્યારબાદ તા.૨૦/૫/૨૫ ના રોજ કલાક ૨૨–૦૦ વાગે મોજે દહીકોટ, તા. ગોધરા, જિ.પંચમહાલ ખાતે આરોપી મોટર સાઈકલ લઈને ફરીયાદીના ઘરે આવી ફરીયાદીની દીકરી ભોગબનનાર ઉ.વ.–૧૫ વર્ષ, ૯ માસનાની મળવા બોલાવેલ અને ભોગબનનારને મોટર સાઈકલ ઉપર બેસાડી લઈ ગયેલ અને ત્યારબાદ ફોસલાવી બસમાં બેસાડી સુરત લઈ ગયેલ અને ત્યાં એક દિવસ રોકાઈ ગીતાલી, અંકલેશ્વર લઈ ગયેલ અને ત્યાં આરોપી મજુરી કામ કરતો હતો અને ત્યાં તેઓ રહેતા હતા ત્યારે આરોપીએ તેણીની સાથે અવાર નવાર શરીરસંબંધ બાંધેલા.

**૪.** ભોગબનનારની માતાએ ગોધરા તાલુકા પોલીસ સ્ટેશનના સત્તાધિકારી સમક્ષ આ ગુનાની જાહેરાત કરતાં સત્તાધિકારીએ ગોધરા તાલુકા પો.સ્ટેશન ગુ.ર.નં. ૧૧૨૦૭૦૨૪૨૫૦૮૮૩/૨૦૨૫ થી આરોપી સામે ગુનો નોંધેલો અને તપાસનીશ અધિકારીએ આ ગુનાની તપાસના અંતે હાલના આરોપી સામે સ્પેશ્યલ કોર્ટ, ગોધરામાં ભારતીય ન્યાય સંહિતાની કલમ ૮૭, ૧૩૭(૨), ૬૪(૧)(૨)(એમ), ૬૫(૧) તથા જાતિય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમની કલમ–૪, ૬, ૧૨ મુજબના શિક્ષાપાત્ર ગુનાનું ચાર્જશીટ રજુ કરેલું.

**૫.** આરોપી જયુડીશ્યલ કસ્ટડીમાં હોય તેને હાજર કરતા તપાસના કાગળોની નકલો આપી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૪૯ અન્વયે બંને પક્ષને સાંભળી આંક–૮થી આરોપી વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૮૭, ૧૩૭(૨), ૬૪(૨)(એમ), ૬૫(૧) તથા જાતિય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમની કલમ–૪, ૬ અને ૧૨ મુજબના ગુનાનું તહોમતનામું ફરમાવી, વાંચી, સંભળાવી, સમજાવતાં આરોપીએ ગુનાનો ઈન્કાર કરેલો અને તે મતલબની આરોપીની પ્લી યાને નિવેદન આંક–૯ થી નોંધવામાં આવેલ અને સદર કેસ ફરીયાદ પક્ષના પુરાવો રજુ કરવા માટે રાખવામાં આવેલો.

**૬.** ફરીયાદ પક્ષે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

# LIST OF PROSECUTION WITNESS

| Rank | Exhibit | Name | Nature of evidence |
|---|---|---|---|
| PW-1 | ૧૨ | અભેસિંહ મગનભાઇ પટેલ | ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ તથા સાહેદ |
| PW-2 | ૧૪ | નરવતસિંહ જોખનાભાઇ પટેલ | ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ તથા સાહેદ |
| PW-3 | ૧૫ | મોહંમદ તલ્હા સઇદ એહમદ મોલવી | આરોપી તથા ભોગબનનારના કપડા કબજે કર્યાના પંચનામાના પંચ |
| PW-4 | ૨૫ | મેહુલ ઠાકોરભાઇ રાણા | ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ |
| PW-5 | ૨૯ | ભોગબનનાર | ભોગબનનાર |
| PW-6 | ૩૧ | ભોગબનનારની માતા | ફરીયાદી |
| PW-7 | ૩૩ | ભોગબનનારના પિતા | સાહેદ |
| PW-8 | ૩૪ | ભોગબનનારના કાકાનો છોકરો | સાહેદ |
| PW-9 | ૩૫ | પારસીંગભાઇ ગેમાભાઇ રાવળ | આચાર્ય |
| PW-10 | ૪૦ | ખંજન હિમાંશુભાઇ કાવાણી | સાહેદ |
| PW-11 | ૪૧ | સંજયકુમાર ઉદેસિંહ પટેલ | તલાટી–કમ–મંત્રી |
| PW-12 | ૪૫ | ડો.પરસોત્તમભાઇ ગણેશભાઇ રાઠોડ | મેડીકલ ઓફીસર |
| PW-13 | ૫૩ | ડો.કુંતલકુમાર બાબુભાઇ પ્રજાપતિ | ગાયનેકોલોજીસ્ટ |
| PW-14 | ૫૬ | દલપતસિંહ ચંન્દ્રસિંહ પટેલ | પોલીસ સાહેદ |
| PW-15 | ૬૧ | ચંદ્રીકાબેન રામસીંગ બારીયા | પોલીસ સ્ટેશન ઓફીસર |
| PW-16 | ૬૬ | પ્રવિણ ખાતુજી અસોડા | તપાસ કરનાર અમલદાર |
| PW-17 | ૯૯ | રણજીતસિંહ ખાતુસિંહ ચૌહાણ | પોલીસ સાહેદ |

# LIST OF PROSECUTION EXHIBITS

| Sr. No. | Exhibit Number | Description |
|---|---|---|
| 1 | Ex-13/PW-1 | ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| 2 | Ex-16/PW-3 | આરોપીના કપડા કબજે કર્યાનું પંચનામું |
| 3 | Ex-17 to 19/PW-3 | મુદ્દામાલ કાપલીઓ |
| 4 | Ex-20/PW-3 | ભોગબનનારના કપડા કબજે કર્યાનું પંચનામું |
| 5 | Ex-21 to 23/PW-3 | મુદ્દામાલ કાપલીઓ |
| 6 | Ex-26/PW-4 | પંચ તરીકેનો નિમણુંક હુકમ |
| 7 | Ex-27/PW-4 | ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| 8 | Ex-30/PW-5 | ભોગબનનારનું બી.એન.એસ.એસ.ની કલમ ૧૮૩ મુજબનુ નિવેદન |
| 9 | Ex-32/PW-6 | ફરીયાદ |
| 10 | Ex-36/PW-9 | જનરલ રજીસ્ટરના ઉતારાની ખરી નકલ |
| 11 | Ex-37/PW-9 | વાલી સર્ટીની ખરી નકલ |
| 12 | Ex-38/PW-9 | ભોગબનનારની જન્મ તારીખની ખરાઈ કરી આપવા અંગેની યાદી |
| 13 | Ex-39/PW-9 | જન્મ તારીખનો દાખલો |
| 14 | Ex-42/PW-11 | જન્મ નોંધણી રજીસ્ટરની ખરી નકલ |
| 15 | Ex-43/PW-11 | ભોગબનનારની જન્મ તારીખની ખરાઈ કરી આપવા અંગેની યાદી |
| 16 | Ex-44/PW-11 | ભોગબનનારના જન્મનુ પ્રમાણપત્ર |
| 17 | Ex-46/PW-12 | **ભોગબનનારની મેડીકલ તપાસ માટેની** યાદી |
| 18 | Ex-47/PW-12 | ભોગબનનારનુ એમ.એલ.સી. |
| 19 | Ex-48/PW-12 | આરોપીની મેડીકલ તપાસણી અંગેની યાદી |
| 20 | Ex-49/PW-12 | આરોપીની સર્જીકલ તપાસના કાગળો |
| 21 | Ex-50/PW-12 | આરોપીના મનોચિકીત્સક તપાસ અંગેના કાગળો |
| 22 | Ex-51/PW-12 | લેબ રીપોર્ટ |
| 23 | Ex-52/PW-12 | આરોપીનુ એમ.એલ.સી. |

| Sr. No. | Exhibit Number | Description |
|---|---|---|
| 24 | Ex-54/PW-13 | ભોગબનનારનો લેબ રીપોર્ટ |
| 25 | Ex-55/PW-13 | ગાયનેક રીપોર્ટ |
| 26 | Ex-57/PW-14 | આરોપી તથા ભોગબનનારનો હવાલો સોંપ્યાની પી.એસ.ઓ.ને કરેલી યાદી |
| 27 | Ex-58/PW-14 | આરોપીના આધાર કાર્ડની નકલ |
| 28 | Ex-62/PW-15 | સુચિપત્ર |
| 29 | Ex-63/PW-15 | ડેપ્યુટ હુકમ |
| 30 | Ex-64/PW-15 | ફેક્સ મેસેજ |
| 31 | Ex-67/PW-16 | ગુનો રજીસ્ટર કરવા અંગેની યાદી |
| 32 | Ex-68/PW-16 | બી.એસ.એ.એકટની કલમ ૬૩(૪)(સી) નુ પ્રમાણપત્ર |
| 33 | Ex-69/PW-16 | હેઝ વેલ્યુ રીપોર્ટ |
| 34 | Ex-70/PW-16 | ભોગબનનારના માતાનુ સંમતિપત્ર |
| 35 | Ex-71/PW-16 | ભોગબનનારના પિતાનું સંમતિપત્ર |
| 36 | Ex-72/PW-16 | ભોગબનનારનુ સંમતિપત્ર |
| 37 | Ex-73/PW-16 | સરકારી પંચો ફાળવવા અંગેની યાદી |
| 38 | Ex-74/PW-16 | પંચોની ફાળવણી હુકમ |
| 39 | Ex-75/PW-16 | કલમ ઉમેરાનો રીપોર્ટ |
| 40 | Ex-76/PW-16 | સમજ યાદી |
| 41 | Ex-77/PW-16 | બી.એન.એસ.એસ.ની કલમ ૧૮૩ અન્વયેનુ નિવેદન લેવડાવવા ચીફ કોર્ટ ગોધરાને કરેલ યાદી |
| 42 | Ex-78/PW-16 | પો.અધિ. શ્રીની મંજુરી માંગતો પત્ર |
| 43 | Ex-79/PW-16 | ફેક્સ મેસેજ |
| 44 | Ex-80/PW-16 | રવાનગી નોંધ |
| 45 | Ex-81/PW-16 | ના. પો. અધિક્ષકને કરેલી યાદી |
| 46 | Ex-82/PW-16 | ભોગબનનારને કોર્ટમા હાજર રાખ્યા અંગેની |

| Sr. No. | Exhibit Number | Description |
|---|---|---|
| | | ચાદી |
| 47 | Ex-83/PW-16 | ભોગબનનારનુ નિવેદન મેળવવા કરેલ અરજી |
| 48 | Ex-84/PW-16 | પ્રમાણપત્ર |
| 49 | Ex-85/PW-16 | આચાર્યશ્રીને કરેલ ચાદી |
| 50 | Ex-86/PW-16 | ભોગબનનારનો જન્મ તારીખનો દાખલો |
| 51 | Ex-87/PW-16 | જનરલ રજીસ્ટરના ઉતારાની ખરી નકલ |
| 52 | Ex-88/PW-16 | મુદ્દામાલ મળ્યા અંગેની પહોંચ |
| 53 | Ex-89/PW-16 | એમ.ટી.શાખા ગોધરાને કરેલ ચાદી |
| 54 | Ex-90/PW-16 | સરકારી પંચો ફાળવવા અંગેની ચાદી |
| 55 | Ex-91/PW-16 | એ.એસ.આઇ.ને કરેલ હુકમ |
| 56 | Ex-92/PW-16 | ચાદી |
| 57 | Ex-93/PW-16 | પ્રમાણપત્ર |
| 58 | Ex-94/PW-16 | હેઝ વેલ્યુનો રીપોર્ટ |
| 59 | Ex-95/PW-16 | પ્રોપર્ટીકાર્ડની નકલ |
| 60 | Ex-96/PW-16 | એફ.એસ.એલ. વડોદરાનો પત્ર |
| 61 | Ex-97/PW-16 | બાયોલોજી તથા સીરોલોજી અહેવાલ |

## Material Objects:

| Sr. No. | Material Obj. No. | Description |
|---|---|---|
| 1 | MO-1 | એક ગુલાબી કલરનો શર્ટ |
| 2 | MO-2 | એક કાળા કલરનુ જીન્સનુ પેન્ટ |
| 3 | MO-3 | એક કાળા કલરની અંડર વીયર |
| 4 | MO-4 | એક લીલા કલરનો ટોપ |
| 5 | MO-5 | એક લીલા કલરની સલવાર |
| 6 | MO-6 | એક કાળા તથા રાખોડી કલરની નીકર |
| 7 | MO-7 | એક મો.સા.નં. જી.જે.૨૦બી.એ. ૪૬૩૩ |

**૭.** ફરીયાદ પક્ષે આ સિવાય અન્ય કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી અને તેઓ વધુ કોઈ પુરાવો રજુ કરવા માંગતા ના હોવાનું આંક–૧૦૦ થી કલોઝીંગ પુરસીસ રજુ કરી જાહેર કરેલ છે.

૮. ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થયા બાદ ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ – ૩૧૩ અન્વયે આરોપીના વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે, જેમાં આરોપીએ ફરીયાદ પક્ષના પુરાવાનો ઈન્કાર કરી મુખ્યત્વે નકારાત્મક બચાવ લીધેલ છે અને તેમને બચાવના સાહેદો તપાસવા નથી કે સોગંદ ઉપર જુબાની આપવી નથી તેમ જણાવી વિશેષમાં જણાવેલ છે કે, તેઓએ કહેવાતો આવો કોઈ ગુનો કરેલ નથી, તેઓ તદ્દન નિર્દોષ છે, તેમની સાથે વૈમનસ્ય અને ચઢામણી થી ગોઠવીને ખોટી ફરીયાદ કરાવી તેમા ખોટી રીતે આરોપી તરીકે ફસાવેલ છે. તેઓ મજુર વર્ગના ઓછુ ભણેલા ઈસમ છીએ અને પછાત કોમ થી આવે છે તથા એકમાત્ર તેમના કુંટુંબની જીવન યાયન માટે આધાર છે જેથી તેઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

૯. આરોપી પક્ષે કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ નથી. કોર્ટના સાક્ષી તરીકે કોઈ વ્યકિતને તપાસેલા નથી.

**૧૦.** ત્યારબાદ ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી. શ્રી એમ.કે.દેશમુખની મૌખિક દલીલો સાંભળી તથા બચાવ પક્ષે આંક–૧૦૨થી રજુ થયેલ લેખીત દલીલો વંચાણે લીધી.

**૧૧.૧** વિ.એ.પી.પી.ની દલીલ એવી છે કે, ફરીયાદ પક્ષના સાહેદ આચાર્યની જુબાનીમાં ભોગબનનારની જન્મ તા.૨૦/૦૮/૦૯ હોવાનું અને તલાટી–કમ–મંત્રીની જુબાનીમાં ભોગબનનારની જન્મ તા.૦૨/૦૧/૧૦ હોવાનું રેકર્ડ ઉપર આવે છે એટલે કે બે જુદી જુદી જન્મ તારીખ રેકર્ડ ઉપર આવે છે પરંતું બંનેમાંથી કોઈ પણ તારીખ જોવામાં આવે તો પણ બનાવ વખતે ભોગબનનાર સગીર વયની હોવાનું પુરવાર થાય છે. જેથી, બનાવ વખતે ભોગબનનાર સગીર વયની હોવાનું પુરવાર થાય છે.

**૧૧.૨** તેમની વધુમાં દલીલ એવી છે કે, ભોગબનનારની જુબાની જોવામાં

આવે તો આરોપી ભોગબનનારને સુરત તથા ગીતાલી લઈ ગયેલ હોવાનું નીકળી આવે છે. ભોગબનનારને જે જગ્યાએ આરોપી લઈ ગયેલ તેના કોન્ટ્રાકટરની જુબાની જોવામાં આવે તો ગીતાલી મુકામે આરોપી તેમની સાઈટ ઉપર કામ કરતો હતો તેવી હકીકત તેમની જુબાનીમાં નીકળી આવે છે. વધુમાં, પેરોલ ફર્લો સ્ક્વોડના પોલીસ સાહેદ દલપતસિંહની જુબાનીમાં પણ આરોપી અને ભોગબનનાર ગીતાલી મુકામેથી મળી આવેલાની હકીકત નીકળી આવે છે. જેથી, આ તમામ સાહેદોની જુબાની ઉપરથી એ પુરવાર થાય છે કે, આરોપી ભોગબનનારને સુરત અને ગીતાલી મુકામે લઈ ગયેલ હતો. જેથી, સગીર વયની ભોગબનનારને લઈ જઈ આરોપીએ ભોગબનનારનું અપહરણ કરેલ હોવાનું પુરવાર થાય છે.

**૧૧.૩** તેમની વધુમાં દલીલ એવી છે કે, ભોગબનનારના માતા-પિતાની જુબાનીથી પણ ભોગબનનારની જુબાનીને સમર્થન મળે છે. વધુમાં, ભોગબનનારે ડોકટર સમક્ષ લખાવેલી હીસ્ટ્રીથી પણ ભોગબનનારની જુબાનીને સમર્થન મળે છે. વધુમાં, ભોગબનનારે ડોકટર સમક્ષની હીસ્ટ્રીમાં આરોપીએ તેણીની સાથે શરીરસંબંધ બાંધેલાનું જણાવેલ છે જેથી આરોપીએ ભોગબનનાર સાથે શરીરસંભોગ કરેલાનું પુરવાર થાય છે.

**૧૧.૪** તેમની વધુમાં દલીલ એવી છે કે, તમામ પંચનામાના પંચોએ ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરેલ છે. જેથી, તમામ પંચનામા પુરવાર થાય છે તેમજ આરોપીનું મોટર સાઈકલ કબજે થયેલાનું પુરવાર થાય છે જેથી ફરીયાદ પક્ષ પોતાનો કેસ પુરવાર કરી શકેલ છે જેથી આરોપીને તકસીરવાન ઠરાવવો જોઈએ.

**૧૨.** સદરહું કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

**<u>મુદ્દા :-</u>**

૧. શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, બનાવ વખતે ભોગબનનાર અઢાર વર્ષ કરતાં ઓછી ઉંમરના હતા?

૨. શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ

તા.૨૦/૫/૨૪ ના રાત્રીના દસેક વાગ્યાના સુમારે આ કામના ફરીયાદીની સગીર વયની દીકરી ભોગબનનાર ઉ.વ.-૧૫ વર્ષ, ૯ માસને મોજે દહીકોટ ગામેથી પટાવી, ફોસલાવી, લગ્નની લાલચ આપી,શારીરીક શોષણ કરવાના ઈરાદે, તેણીના વાલીની સંમતિ વગર તેણીને તેના વાલીપણામાંથી મોટરસાયકલ ઉપર અપહરણ કરી ચેનપુર, સુરત, અંકલેશ્વર નજીક ગીતાલી ગામે લઇ જઇ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૩૭(૨), ૮૭ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

૩. શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ તા. ૨૦/૫/૨૫ પહેલા ભોગબનનાર સાથે જાતિય ઈરાદાઓથી મોબાઈલ ફોન લઈ આપી, ફોન ઉપર વાતચીત કરી તા. ૨૦/૫/૨૫ થી તા. ૧૮/૯/૨૫ દરમ્યાન ભોગબનનાર ઉ.વ.-૧૫ વર્ષ, ૯ માસનાનીને અંકલેશ્વર નજીક ગીતેલી ગામે લઈ જઈ ભોગબનનાર સાથે અવાર નવાર શારીરીક સંભોગ કરી તથા ફરીયાદ આપી તે અગાઉ પણ ભોગબનનારના ઘર નજીક અવાર નવાર શારીરીક સંભોગ કરી ભારતીય ન્યાય સંહિતાની કલમ ૬૪(૨)(એમ), ૬૫(૧) તથા ધી પોકસો એકટની કલમ ૪,૬,૧૨ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

૪. શું હુકમ ?

**૧૩.** ઉપરોકત મુદ્દા પરત્વેના નિર્ણયો નીચે મુજબ છે.

૧. નકારમાં.

૨. નકારમાં.

૩. નકારમાં.

૪. આખરી હુકમ મુજબ

**<u>-:: કારણો ::-</u>**

**<u>મુદ્દા નં. ૧ :-</u>**

**૧૪.** ભોગબનનારના માતા (PW-6, Exh-31) ની જુબાની જોવામાં આવે તો તેમને ભોગબનનારની જન્મ તારીખ ખબર નથી અને તેમની જુબાની મુજબ બનાવ વખતે ભોગબનનારની ઉંમર ૧૭ વર્ષની હતી.

**૧૫.** ભોગબનનારના પિતા (PW-7, Exh-33) ની જુબાની જોવામાં આવે તો તેમને ભોગબનનારની જન્મ તારીખ ખબર નથી. તેમની આરોપી પક્ષે કરવામાં આવેલી ઉલટતપાસમાં તે કબુલ રાખે છે કે તેમના લગ્ન ૨૨ વર્ષ

પહેલા થયેલા અને તેમના લગ્નના એક વર્ષ પછી ભોગબનનારનો જન્મ થયેલો અને ભોગબનનારનો જન્મ તેમની સાસરીમાં થયેલો અને ભોગબનનારના જન્મની નોંધ કરાવેલી નથી. વધુમાં તેમની જુબાની મુજબ ભોગબનનારને શાળામાં ભણવા મુકી ત્યારે આશરે જન્મ તારીખ લખાવેલી. આમ, આ સાહેદની જુબાની જોવામાં આવે તો ભોગબનનારની ઉંમર ૨૧ વર્ષની હોવાનું જણાય છે. વધુમાં, ભોગબનનારની શાળામાં આશરે જન્મ તારીખ લખાવવામાં આવેલી હતી. વધુમાં, ભોગબનનારનો જન્મ તેમની સાસરીમાં થયેલો હતો. વધુમાં, ભોગબનનારના જન્મની નોંધ કરાવવામાં આવેલી નથી.

**૧૬.** ફરીયાદ પક્ષના સાહેદ, આચાર્ય, પારસીંગભાઈ ગેમાભાઈ રાવળ (PW-9, Exh.-35)ની જુબાની મુજબ ભોગબનનારના માતાએ આપેલી માહીતીના આધારે ભોગબનનારની જન્મ તા.૨૦/૦૮/૨૦૦૯ નોંધવામાં આવેલી અને ભોગબનનારને ધોરણ–૧માં તેમની શાળામાં પ્રવેશ આપવામાં આવેલો અને તેમની શાળાના જનરલ રજીસ્ટરમાં ભોગબનનારની જન્મ તા. ૨૦/૮/૨૦૦૯ નોંધવામાં આવેલી છે. તેમની જુબાનીમાં આંક-૩૬થી જનરલ રજીસ્ટરના ઉતારાની ખરી નકલ, આંક-૩૭થી વાલી સર્ટીની ખરી નકલ, આંક-૩૮ થી યાદી, આંક-૩૯ થી જન્મ તારીખનો દાખલો રજુ કરેલ છે. આંક–૩૭થી રજુ પ્રવેશ ફોર્મ જોવામાં આવે તો તેમાં ભોગબનનારના માતાના અંગુઠાનું નિશાન લેવામાં આવેલ હોવાનું જણાય છે. જેથી, આ પ્રવેશ ફોર્મ ભોગબનનારના માતાએ આપેલી માહીતીના આધારે લખવામાં આવેલ હોય તેમ જણાય છે. પરંતું, ભોગબનનારના માતાના અંગુઠાનું નિશાન જોતાં તે અભણ હોવાનુ જણાય છે તેમજ ભોગબનનારના માતાની જુબાની જોવામાં આવે તો તેમને ભોગબનનારની જન્મ તારીખ ખબર ના હોવાનું જણાય છે અને તેથી ભોગબનનારના માતાએ શાળામાં ભોગબનનારની જન્મ તારીખ આશરે લખાવેલી હોય તેમ જણાય છે. વધુમાં, ભોગબનનારના પિતાની જુબાની મુજબ ભોગબનનારના શાળા પ્રવેશ વખતે ભોગબનનારની જન્મ તારીખ આશરે લખાવેલી હતી. જેથી શાળાના રેકર્ડમાં લખવામાં આવેલી જન્મ તારીખ ઉપર આધાર રાખી શકાય તેમ નથી. જેથી, શાળાનું રેકર્ડ

ભોગબનનારની જન્મ તારીખના પુરાવા તરીકે આધારભૂત પુરાવો જણાતો નથી.

**૧૭.** ફરીયાદ પક્ષના સાહેદ, તલાટી–કમ–મંત્રી, સંજયકુમાર ઉદેસિંહ પટેલ (PW-11, Exh.-41)ની જુબાની મુજબ તેમની કચેરીના જન્મ નોંધણી રજીસ્ટરમાં ભોગબનનારની જન્મ તા. ૨/૧/૨૦૧૦ નોંધવામાં આવેલી છે અને માહીતી આપનારના નામમાં ભોગબનનારના પિતાનું નામ છે. તેમની જુબાનીમાં આંક- ૪૨ થી જન્મ નોંધણી રજીસ્ટરની ખરી નકલ, આંક-૪૩ થી યાદી, આંક-૪૪ થી ભોગબનનારના જન્મનુ પ્રમાણપત્ર રજુ કરેલ છે. આંક–૪૨થી રજુ થયેલ જન્મ નોંધણી રજીસ્ટરનો ઉતારો જોવામાં આવે તો તેમાં માહીતી આપનારના નામમાં ભોગબનનારના પિતાનું નામ લખેલ છે પરંતું ભોગબનનારના પિતાની સહી કે અંગુઠો લેવામાં આવેલો નથી. ભોગબનનારના પિતાની જુબાની જોવામાં આવે તો ભોગબનનારના જન્મની નોંધ કરાવવામાં આવેલી નથી. જેથી, ભોગબનનારના પિતાઅ ે આ જન્મની નોંધ કરાવેલી હોય તેમ જણાતું નથી. વધુમાં, ભોગબનનારના પિતાની જુબાની જોતાં ભોગબનનારનો જન્મ તેમની સાસરીમાં થયેલો હતો જયારે ભોગબનનારના જન્મની નોંધણીનો પુરાવો ભોગબનનારના પિતાના ગામનો છે. આમ, ભોગબનનારના પિતાની જુબાની જોતાં ભોગબનનારના જન્મની નોંધ થયેલી ના હોય અને ભોગબનનારના જન્મની નોંધણીનો જે પુરાવો રજુ થયેલ છે તેમાં ભોગબનનારના પિતાની સહી કે અંગુઠો ના હોય આ જન્મની નોંધની માહતી આપનાર ભોગબનનારના પિતા હોવાની હકીકત માની શકાય તેમ નથી. જેથી, ભોગબનનારના જન્મ તારીખના પુરાવા તરીકે જન્મ નોંધણીનો જે પુરાવો રજુ થયેલ છે તે આધારભૂત જણાતો નથી.

**૧૮.** આમ, ફરીયાદ પક્ષનો સમગ્ર પુરાવો જોતાં ભોગબનનારની જન્મ તારીખ અંગેનો દસ્તાવેજી પુરાવો આધારભૂત જણાતો નથી અને તેથી તેના ઉપર આધાર રાખી શકાય તેમ નથી. વધુમાં, ભોગબનનારના માતા–પિતાની જુબાની જોતાં તેમને ભોગબનનારની જન્મ તારીખ ખબર નથી અને તેથી ભોગબનનારની જન્મ તારીખ અંગેનો કોઈ આધારભૂત પુરાવો રેકર્ડ ઉપર

આવતો નથી અને તેથી ફરીયાદ પક્ષ ભોગબનનારની જન્મ તારીખ પુરવાર કરી શકતો નથી. જેથી, ફરીયાદ પક્ષ એ પુરવાર કરી શકતો નથી કે, બનાવ વખતે ભોગબનનાર સગીર વયના એટલે કે અઢાર વર્ષ કરતાં ઓછી ઉંમરના હતા. જેથી મુદ્દા નં. ૧નો જવાબ 'નકારમાં' આપવામાં આવેલ છે.

**<u>મુદ્દા નં. ૨ અને ૩ :–</u>**

**૧૯.** મુદ્દા નં. ૨ અને ૩ એકબીજા સાથે સંકળાયેલા હોય ચર્ચાનું પુનરાવર્તન ટાળવા માટે આ બંને મુદ્દાની અત્રે સંયુકત ચર્ચા કરવામાં આવેલી છે.

**૨૦.** આરોપી સામે પોકસો એકટ મુજબ શિક્ષાપાત્ર ગુનાનું તહોમત ફરમાવવામાં આવેલ છે પરંતું ભોગબનનાર સગીર વયના હોવાનું ફરીયાદ પક્ષ પુરવાર કરી શકેલ ના હોય પોકસો એકટની જોગવાઈઓ લાગુ પડતી નથી અને તેથી પોકસો એકટની કલમ –૨૯ અને ૩૦ મુજબનું અનુમાન લાગુ પડતું નથી.

**૨૧.** ફરીયાદ પક્ષના સાહેદ, ગુનાવાળી જગ્યાના પંચ, અભેસિંહ મગનભાઈ પટેલ (PW-1, Exh-12) ની તથા નરવતસિંહ જોખનાભાઈ પટેલ (PW-2, Exh-14) ની જુબાની જોવામાં આવે તો ફરીયાદના ઘરની સ્થળસ્થિતિ રેકર્ડ ઉપર આવે છે. આ પંચ સાહેદોની જુબાનીથી આંક–૧૩વાળા ગુનાવાળી જગ્યાના પંચનામાની હકીકતો પુરવાર થાય છે. આ સાહેદની આ જુબાની જોતાં તથા આંક–૧૩ પંચનામાની હકીકતો ધ્યાને લેતાં આરોપીને આ ગુનામાં સાંકળી શકાય તેવો કોઈ સીધો પુરાવો નીકળી આવેલ નથી.

**૨૨.૧** ફરીયાદ પક્ષના સાહેદ, ગુનાવાળી જગ્યાના પંચ, મેહુલ ઠાકોરભાઈ રાણા (PW-4, Exh-25) ની જુબાની મુજબ ભોગબનનાર, પોલીસ સ્ટાફના માણસો તથા તેઓ પંચો ભોગબનનારના બતાવ્યા મુજબ ગુનાવાળી જગ્યાએ ગયેલા અને ભોગબનનારે ગીતાલી ગામે ગયેલા અને ત્યાં ભોગબનનારે એક ઓરડી બતાવેલી અને ત્યાં કોન્ટ્રાકટર ખંજનભાઈને બોલાવેલા અને ત્યાં ભોગબનનારે એક પતરાની કેબીન બતાવેલી તે જગ્યાનું પંચનામું કરેલું. આ

સાહેદની આરોપી પક્ષે કરવામાં આવેલી ઉલટતપાસ જોવામાં આવે તો તેમની આ જુબાની શંકાસ્પદ બને તેવી કોઈ હકીકત નીકળી આવેલી નથી. આમ, આ સાહેદની જુબાનીથી આંક–૨૭ ગુનાવાળી જગ્યાના પંચનામાની હકીકતો પુરવાર થાય છે.

**૨૨.૨** ફરીયાદ પક્ષના સાહેદ રણજીતસિંહ ખાતુસિંહ ચૌહાણ (PW-17, Exh-99)ની જુબાની મુજબ તે ગોધરા તાલુકા પો. સ્ટેશનમાં એ.એસ.આઇ તરીકે ફરજ પર હતા. તે દરમ્યાન પી.કે.અસોડા, પી.આઇ. નાઓએ તેઓને ભોગબનનાર અને પંચોને સાથે રાખી ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરવા તથા સાહેદોના નિવેદન તથા માલીકી અંગેના પુરાવા મેળવવા જણાવતા તેઓએ ભોગબનનારના બતાવ્યા મુજબ ગીતાલી ગામે ગયેલા અને ત્યાં ગાર્ડન સીટી પાસે એક ઓરડી ભોગબનનારે બતાવેલી અને કોન્ટ્રાકટર ખંજનભાઈને બોલાવી તે જગ્યાનું પંચનામુ કરેલ અને ખંજનભાઇનાઓનું નિવેદન નોંધેલ. આ સાહેદની આરોપી પક્ષે કરવામાં આવેલી ઉલટતપાસમાં કોઈ ખાસ મહત્ત્વની હકીકત નીકળી આવેલ નથી જેથી આ સાહેદની જુબાની શંકાસ્પદ બને.

**૨૨.૩** આમ, મેહુલ ઠાકોરભાઈ રાણા (PW-4, Exh-25) ની જુબાની તથા સાહેદ રણજીતસિંહ ખાતુસિંહ ચૌહાણ (PW-17, Exh-99)ની જુબાની જોવામાં આવે તો એક બીજાની જુબાનીને સમર્થન મળે છે. જેથી, તેઓની જુબાની ના માનવાને કોઈ કારણ નથી. જેથી, ભોગબનનારે ખંજનભાઈની ગીતાલી ગામે આવેલ સાઈટ ઉપર જગ્યા બતાવેલી તે જગ્યાનું પંચનામું કરેલું. પરંતુ, આ સાહેદોની જુબાની તથા આંક–૨૭ના પંચનામા જોવામાં આવે તો પણ આરોપીને આ ગુનામાં સાંકળી શકાય તેવો કોઈ સીધો પુરાવો નીકળી આવતો નથી.

**૨૩.** ફરીયાદ પક્ષના સાહેદ, આરોપી તથા ભોગબનનારના કપડા કબજે કર્યાના પંચ, મોહંમદ તલ્હા સઈદ એહમદ મોલવી (PW-3, Exh-15) ની જુબાની મુજબ આરોપીએ એક ગુલાબી કલરનું શર્ટ, એક કાળા કલરનું જીન્સનું પેન્ટ અને એક કાળા કલરનો અંડરવેર રજુ કરેલ જે પોલીસે કબજે

લીધેલ. વધુમાં તેમની જુબાની મુજબ ભોગબનનારે એક લીલા કલરનું ટોપ, એક લીલા કલરનો સલવાર, એક કાળા તથા રાખોડી કલરની નીકર રજુ કરેલ જે પોલીસે કબજે લીધેલ. આ સાહેદની આરોપી પક્ષે કરવામાં આવેલી ઉલટતપાસ જોવામાં આવે તો તેમાં આ સાહેદની જુબાનીને શંકાસ્પદ બનાવે તેવી કોઈ હકીકત નીકળી આવેલી નથી. આમ, આ સાહેદની જુબાનીથી આંક–૧૬ આરોપીના કપડા કબજે કર્યાના પંચનામાની તથા આંક– ૨૦ ભોગબનનારના કપડા કબજે કર્યાના પંચનામાની હકીકતો પુરવાર થાય છે. પરંતું, આ સાહેદની જુબાની જોતાં તથા આંક–૧૬ તથા આંક–૨૦ના પંચનામા વંચાણે લેવામાં આવે તો પણ આરોપીને આ ગુનામાં સીધી રીતે સાંકળી શકાય તેવો સીધો પુરાવો તેમાંથી નીકળી આવતો નથી.

**૨૪.** ફરીયાદ પક્ષના સાહેદ, મેડીકલ ઓફીસર, ડો. પરસોત્તમભાઇ ગણેશભાઈ રાઠોડ (PW-12, Exh-45)ની જુબાની મુજબ તા.૧૮/૯/૨૫ ના રોજ ભોગબનનારને મેડીકલ તપાસણી માટે લાવેલા ત્યારે ભોગબનનારના શરીરિથી લોહી, લાળ, ગુપ્તાંગના વાળ, નખ, વજાયનલ સ્વેબના નમુના ગાયનેક વિભાગમાંથી તેમની તરફ આવતા નમુનાને લેબ કરી સીલ કરી એફ.એસ.એલ. તપાસણી માટે પોલીસને સુપરત કરેલ. વધુમાં તે જ દિવસે આરોપીને મેડીકલ તપાસણી માટે લાવેલા ત્યારે સર્જીકલ વોર્ડમાંથી આરોપીના શરીરે થી લોહી, નખ, લાળ, ગુપ્તાંગના વાળ, વીર્યના નમુના લઈ તેમની તરફ મોકલી આપતા તેઓએ તે નમુના સીલ કરી એફ.એસ.એલ. તપાસણી માટે પોલીસને સુપરત કરેલ. આમ, આ સાહેદની જુબાની મુજબ તેમણે આરોપી તથા ભોગબનનારના શરીર ઉપરથી લીધેલ નમુના એફ.એસ.એલ. તપાસ માટે મોકલી આપેલા.

**૨૫.** ફરીયાદ પક્ષના સાહેદ, તપાસ કરનાર અમલદાર, પ્રવિણભાઈ ખાતુજી આસોડા (PW-16, Exh-66)ની જુબાની મુજબ ભોગબનનાર અને આરોપીના શરીર ઉપર થી લેવામાં આવેલા નમુના તથા મુદ્દામાલ તપાસણી અર્થે એફ.એસ.એલ. વડોદરાને મોકલી આપેલા. તેમની જુબાનીમાં આંક–૮૦ થી રવાનગી પત્રક તથા સત્તા અંગેનું પ્રમાણપત્ર, આંક–૮૮ થી મુદ્દામાલ

મળ્યા અંગેની પહોંચ, આંક–૯૬ થી એફ.એસ.એલ. વડોદરાનો પત્ર અને આંક–૯૭ થી  બાયોલોજી તથા સીરોલોજી અહેવાલ રજુ થયેલ છે. આમ, આ સાહેદની જુબાની મુજબ તેમને આરોપી અને ભોગબનનારના શરીર ઉપર થી લેવામાં આવેલ નમુના તથા મુદ્દામાલ એફ.એસ.એલ. તપાસ માટે મોકલી આપેલ.

**૨૬.** ફરીયાદ પક્ષે આંક–૮૦ થી એફ.એસ.એલ. પરીક્ષણ માટે તપાસ કરનાર અમલદારે લખેલ રવાનગી પત્રક તથા આંક–૮૮ થી મુદ્દામાલ મળ્યા અંગેની પહોંચ તથા આંક–૯૭ થી બાયોલોજી તથા સીરોલોજી  અહેવાલ રજુ કરેલ છે. આ દસ્તાવેજો તથા મેડીકલ ઓફીસર, સાહેદ, ડો. પરસોત્તમભાઇ ગણેશભાઈ રાઠોડ (PW-12, Exh-45)ની જુબાની  જોતાં આંક–૯૭ વાળો એફ.એસ.એલ.નો બાયોલોજીક અને સીરોલોજી અહેવાલ આરોપી અને ભોગબનનારના લેવામાં આવેલ સેમ્પલના પરીક્ષણનો રીપોર્ટ છે. આંક–૯૭ નો રીપોર્ટ જોતાં આરોપીના કપડા ઉપર ભોગબનનારના શરીરના કોઈ અંશ મળી આવેલા નથી. ભોગબનનારના નીકર ઉપર રૂધિર મળી આવેલ છે પરંતું ભોગબનનાર અને આરોપીનું લોહીનું ગૃપ એક જ છે અને તેથી ભોગબનનારની નીકર ઉપર મળી આવેલ રૂધીર આરોપીનું જ છે તેમ કહી શકાય નહી. ભોગબનનારના અન્ય કપડા ઉપર આરોપીના શરીરના કોઈ અંશ મળી આવેલ નથી. આમ, ભોગબનનાર અને આરોપીના કપડા કબજે લેવામાં આવેલ અને ભોગબનનારના શરીર ઉપરથી લેવામાં આવેલ નમુનાનું પરીક્ષણ કરવામાં આવેલ પરંતું આરોપી અને ભોગબનનારના કપડા ઉપરથી આરોપીને આ ગુનામાં સાંકળી શકાય તેવો કોઈ પુરાવો નીકળી આવેલ નથી. આમ, આરોપીને આ ગુનામાં સાંકળી શકાય તેવો કોઈ સાઈન્ટીફીક પુરાવો નીકળી આવેલ નથી.

**૨૭.** ફરીયાદ પક્ષે ભોગબનનારના માતા (PW-6, Exh-31)ની જુબાની જોવામાં આવે તો તેમની ભોગબનનાર દીકરી રાત્રે ખાટલામા જોવા ન મળતા શોધખોળ કરતા મળી આવેલ નહી અને વાતો વાતોથી ખબર પડેલ કે ભોગબનનાર ચેનપુર ગામે બલુભાઇને છે. જેથી પો.સ્ટે. માં અરજી આપેલી.

વધુમાં તેમની જુબાની મુજબ અરજી કર્યા બાદ ત્રણ મહીના પછી પોલીસ ભોગબનનારને શોધી લાવેલ. સદર સાહેદનો પુરાવો જોતાં તે ફરીયાદ પક્ષના કેસને કેટલેક અંશે સમર્થન કરતા નથી. તેમની વિ. એ.પી. પી. દ્વારા કરવામાં આવેલી ઉલટતપાસમાં તે કબુલ રાખે છે કે, ભોગબનનારને બેસાડીને મોટર સાઈકલ ચલાવી ભગાડવા લાગતા તેમને બુમાબુમ કરતાં તેમના જેઠ અને તેમના જેઠનો છોકરો મોટર સાઈકલની પાછળ ગયેલા અને તે વખતે તે મોટર સાઈકલ મુકીને છોકરીને લઈને નાસી ગયેલો. તેમની જુબાનીમાં આંક–૩૨થી ફરીયાદ રજુ કરેલ છે. આ સાહેદની આરોપી પક્ષે કરવામાં આવેલી ઉલટતપાસમાં તે કબુલ રાખે છે કે તેમને મોટર સાઈકલનો અવાજ સાંભળેલ નથી કે મોટર સાઈકલ લઈને આવતાં કોઈને જોયેલ નથી અને તેમના જેઠ અને જેઠના છોકરા સવારે તેમના આંગણામાં પડેલી મોટર સાઈકલ બતાવેલી અને આ મોટર સાઈકલ કોણ લાવેલ તેની તેમને માહીતી નથી. આમ, ભોગબનનારના માતાની જુબાની જોતાં રાત્રે તેઓ જાગ્યા ત્યારે ભોગબનનાર તેના ખાટલામાં જોવા મળેલ નહી અને શોધખોળ કરતાં મળી આવેલ નહીં અને તેમને મોટર સાઈકલને આવતાં જોયેલ નહી કે તેનો અવાજ સાંભળેલ નહીં અને તેમને સવારે આંગણામાં પડેલ મોટર સાઈકલ પડેલી જોયેલી. આમ, આ સાહેદની જુબાની જોવામાં આવે તો તેમને ભોગબનનારને લઈ જતા જોયેલ હોય તેમ જણાતું નથી. તેમ છતાં, ભોગબનનાર બનાવની રાત્રીથી તેમના ઘરે ના હોવાનું અને બનાવના ત્રણ મહીના બાદ ભોગબનનારને પોલીસ શોધી લાવેલ હોવાનું તેમની જુબાની જોતાં જણાઈ આવે છે.

**૨૮.** ભોગબનનારના પિતા (PW-7, Exh-33) ની જુબાની મુજબ બનાવના દિવસે તેઓ મજુરી કામે હતા અને તેમની પત્નીએ ફોન કરતા જાણ થયેલ કે ભોગબનનાર ઘરે નથી તેઓ ઘરે આવેલા અને ભોગબનનાર મળી આવતી ન હોય સરપંચને વાત કરેલ. વધુમા તેમની જુબાની મુજબ ભોગબનનારને કોણ અને કેવી રીતે લઈ ગયેલ તે જાણેલ નહી અને પોલીસ નેવુ દિવસ પછી ભોગબનનારને શોધી લાવેલી. આ સાહેદની આરોપી પક્ષે કરવામાં આવેલી ઉલટતપાસમાં કોઈ ખાસ મહત્ત્વની હકીકત નીકળી આવતી નથી. આમ, આ

સાહેદની જુબાની જોતાં બનાવની રાતે તે મજુર કામ માટે બહાર ગયેલા હોવાનું જણાઈ આવે છે અને ભોગબનનારને જતા તેમને નજરે જોયેલ ના હોવાનું જણાઈ આવે છે. જેથી, ભોગબનનારને કોણ અને કેવી રીતે લઈ ગયેલ તે હકીકત પુરવાર કરવા માટે તેમની જુબાની ઉપર આધાર રાખી શકાય તેમ નથી. તેમ છતાં, ભોગબનનાર ઘરેથી ગઈ તેના નેવુ દિવસ પછી પોલીસ શોધી લાવેલી હોવાનું તેમને જાતે અનુભવેલ હોય બનાવની રાતથી નેવુ દિવસ સુધી ભોગબનનાર તેમના ઘરે ના હોવાની હકીકત બાબતે તેમની જુબાની ઉપર આધાર રાખી શકાય અને તેથી તેમની જુબાની જોતાં જણાઈ આવે છે કે ભોગબનનાર બનાવની રાતથી ત્રણેક મહીના સુધી ભોગબનનાર તેમના ઘરે ન હતી.

**૨૯.** ફરીયાદ પક્ષના સાહેદ ભોગબનનારના કાકાનો છોકરો (PW-8, Exh-34) ની જુબાની જોવામાં આવે તો, બનાવમાં ફરીયાદીએ તેમને ફોન કરી જણાવેલ કે, બાઈક એકલી પડેલી છે અને ભોગબનનાર ઘરે નથી જેથી તેઓ બાઇક પડેલ હતી ત્યાં ગયેલા અને ત્યાં જઇ સરપંચને ફોન કરેલો જેથી સરપંચે બાઇક ઘરે લઇ આવવા જણાવતા બાઇક ફરીયાદીના ઘરે લઇ આવી મુકી દીધેલ અને ત્યારબાદ જાણવા મળેલ કે ભોગબનનાર ચેનપુર ગામના છોકરા સાથે ગયેલી છે. સદર સાહેદ ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતા ના હોય તેમની વિ. એ. પી. પી. દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલી છે તેમાં કોઈ ખાસ મહત્ત્વની હકીકત તેમની જુબાનીમાં નીકળી આવતી નથી. સાહેદનો પુરાવો જોતાં ફરીયાદ હકીકતને કોઈપણ પ્રકારે સમર્થન કરતા નથી. તેમની ફરીયાદ પક્ષે કરવામાં આવેલી ઉલટતપાસમાં ફરીયાદ પક્ષને મદદરૂપ થાય તેવી કોઇ હકીકત જણાવતાં નથી. આ સાહેદની આરોપી પક્ષે કરવામાં આવેલી ઉલટતપાસમાં તે કબુલ રાખે છે કે, ભોગબનનારની શોધખોળ કરવા તે કયાંય ગયેલા નથી અને બાઈક કોણ લાવેલુ અને કેમ પડી રહેલ તેની તેમને માહીતી નથી. આમ, આ સાહેદની જુબાની જોતાં તે બાઈક પડેલ હતું ત્યાંથી બાઈક ફરીયાદીના ઘરે લાવીને મુકેલ તે સિવાય કઈ જણતા ના હોવાનું જણાઈ આવે છે. આમ, આ સાહેદની જુબાનીથી આરોપીને આ ગુનામાં સીધી રીતે સાંકળી શકાય તેવો કોઈ પુરાવો નીકળી આવતો નથી.

**૩૦.** ફરીયાદ પક્ષના સાહેદ અભેસિંહ મગનભાઈ પટેલ (PW-1, Exh-12)ની જુબાની મુજબ ભોગબનનારના માતા તેમના ઘરે આવેલી અને જણાવેલ કે ભોગબનનાર ઘરની બહાર નીકળેલી અને તેણી પાછળ જઈ તપાસ કરતાં એક મોટર સાઈકલવાળો ભોગબનનારને મોટર સાઈકલ ઉપર બેસાડી લઈ ગયેલ છે અને તે મોટર સાઈકલ પાછળ ફરીયાદીના જેઠ અને ફરીયાદીના જેઠનો છોકરો તપાસ કરવા સારૂ ગયેલ અને બાઈક છોડીને ગયેલ તે બાઈક રસ્તામાંથી મળતાં તે બાઈક ઘરે લઈ આવેલા. આ સાહેદનો આ પુરાવો સાંભળેલો પુરાવો છે અને તેથી તેના ઉપર આધાર રાખી શકાય તેમ નથી.

**૩૧.** ફરીયાદ પક્ષના સાહેદ નરવતસિંહ જોખનાભાઈ પટેલ (PW-2, Exh-14)ની જુબાની જોવામાં આવે તો તે મોટર સાઈકલની તપાસ કરવા ગયેલ હોવાની અને રસ્તામાં મોટર સાઈકલ પડેલ હોવાની હકીકતને સમર્થન કરતાં નથી. આ સાહેદની વિ. એ. પી. પી. દ્વારા કરવામાં આવેલી ઉલટતપાસમાં રસ્તામાં મોટર સાઈકલ પડેલી તે ઘરે લાવીને મુકી દીધેલ હોવાની હકીકતને સમર્થન કરે છે. આ સાહેદની આરોપી પક્ષે કરવામાં આવેલી ઉલટતપાસમાં તે જણાવે છે કે મોટર સાઈકલ પડેલી હતી ત્યાંથી કોણ લાવેલ તેની તેમને ખબર નથી તેમજ કબુલ રાખે છે કે રાત્રે તે તપાસમાં ક્યાંય ગયેલ નથી. આમ, આ સાહેદની સમગ્ર જુબાની જોતાં તે રાત્રે તપાસ કરવા ક્યાંય ગયેલા ના હોવાનું જણાઈ આવે છે અને તેથી રસ્તામાં મોટર સાઈકલ પડેલી હતી અને તે ઘરે લાવીને મુકી દીધેલ હતી તેવી તેમની જુબાની ઉપર આધાર રાખી શકાય તેમ નથી. આમ, આ સાહેદની જુબાનીમાં ગુનાને લગતો કોઈ મહત્ત્વનો પુરાવો રેકર્ડ ઉપર આવતો નથી.

**૩૨.** ફરીયાદ પક્ષના સાહેદ ખંજન હિમાંશુભાઈ કાવાણી (PW-10, Exh-40) ની જુબાની મુજબ સને ૨૦૨૫માં અંકલેશ્વરના જીતાલી વિસ્તારમાં તેમનું ગાર્ડન સીટીના નામની સાઈટ ઉપર કોન્ટ્રાકટર તરીકે કામ ચાલતું હતુ તે વખતે ભોગબનનાર જે જગ્યાએ રહેતી હતી તે જગ્યા જોવા ભોગબનનારને લઈ પોલીસ આવેલી અને તેમને પોલીસનો ફોન આવતાં તે સાઈટ ઉપર ગયેલા. આ સાહેદની વિ. એ. પી. પી. દ્વારા કરવામાં આવેલી ઉલટતપાસમાં

તે કબુલ રાખે છે કે ભોગબનનાર છોકરા સાથે જયાં રહેતી હતી તે પતરાવાળી કેબીન ભોગબનનારે પોલીસને બતાવેલી. વધુમાં, આ સાહેદ આરોપીને તેમની સાઈટ ઉપર મજુરી માટે આવેલ હોવાનું કહી ઓળખી બતાવે છે. આ સાહેદની આરોપી પક્ષે કરવામાં આવેલી ઉલટતપાસમાં તે કબુલ રાખે છે કે, આરોપી તેમની સાઈટ ઉપર કામ માટે આવેલ હતો કે કેમ તે ચોકકસપણે કહી શકે નહી તેમજ પોલીસ આવેલ ત્યારે તેમની સાથે છોકરી આવેલી હોય અને તેમને જોયેલ હોય તેવું બનેલ નથી. આ સાહેદની સમગ્ર જુબાની જોવામાં આવે તો ગીતાલી મુકામે તેમની કન્સ્ટ્રકસનની સાઈટ આવેલી હોવાનું અને ત્યાં પોલીસ તપાસ માટે આવેલ હોવાનું અને પોલીસે તેમને બોલાવતાં તે ત્યાં ગયેલ હોવાની હકીકત જણાઈ આવે છે. પરંતું, તેમની જુબાની જોતાં આરોપી તેમની સાઈટ ઉપર મજુરી કામ કરવા આવેલ હતો કે કેમ તે ચોકકસપણે કહી શકે તેમ ના હોય અને ભોગબનનાર પોલીસ સાથે આવેલી હોય તે તેમને જોયેલ નથી. જેથી, આરોપી અને ભોગબનનાર તેમની સાઈટ ઉપર આવેલ હોવાની હકીકત તેમની જુબાનીથી નિશંકપણે પુરવાર થઈ શકતી નથી.

**૩૩.** ફરીયાદ પક્ષના સાહેદ દલપતસિંહ ચંન્દ્રસિંહ પટેલ (PW-14, Exh-56) ની જુબાની મુજબ તા.૧૭/૯/૨૫ ના રોજ એ.એસ.આઈ તરીકે ગોધરા પેરોલ ફર્લો સ્કોડમાં ફરજ પર હતા. તે દરમ્યાન આરોપી તથા ભોગબનનાર ગીતાલી ગામે હોવાની માહીતી મળતા તેઓને ગીતાલી ગામે એક બાંધકામની સાઇટ પરથી હસ્તગત કરેલ અને આરોપીના આધાર કાર્ડ ની નકલ મેળવેલ અને તેઓને તા. ૧૮/૯/૨૫ ના રોજ યાદી તથા આરોપીના આધાર કાર્ડની નકલ સાથે તેઓનો હવાલો ગોધરા તાલુકા પો.સ્ટે.ના પી.એસ.ઓ.ને સુપ્રત કરેલ. સદર સાહેદની જુબાની થી આંક-૫૭ થી યાદી તથા આંક-૫૮ થી આરોપીના આધાર કાર્ડની નકલ રજુ કરેલ છે. આ સાહેદની આરોપી પક્ષે કરવામાં આવેલી ઉલટતપાસમાં તેમને અંકલેશ્વર પોલીસ સ્ટેશનમાં તેમની હાજરી કે ઓપરેશનની કોઈ નોંધ કરાવેલ ના હોવાનું તથા ત્યાં કોઈ પંચનામું કરેલ ના હોવાની હકીકત નીકળી આવે છે પરંતું આ અંગે કોઈ પંચનામુ કરેલ ના હોવા માત્રથી આરોપી અને ભોગબનનારને શોધી તેમનો હવાલો સંભાળેલ

હોવાની તેમની જુબાની શંકાસ્પદ બનતી નથી કારણ કે આવી કાર્યવાહી કરવી તેવુ કાયદાથી આવશ્યક બનાવેલ નથી.

**૩૪.** ફરીયાદ પક્ષે ભોગબનનાર (PW-5, Exh-29) ની જુબાની મુજબ બનાવની રાતે તે અને રવિન્દ્ર તેમના ગામના નદીના પટમાં બેઠેલા હતા ત્યારે તેની માતા તેઓને જોઈ જતાં તે રવિન્દ્ર સાથે ચાલતા ભાગી ગયેલ અને ત્યાંથી રવિન્દ્રના ઘરે ગયેલા અને ત્યાંથી સુરત ગયેલા અને સુરતથી અંકલેશ્વર ગીતાલી મુકામે ગયેલા અને ત્યાં સેન્ટીંગનું મજુરી કામ કરતાં હતાં અને ત્યાંથી પોલીસે તેમને પકડી ગોધરા પોલીસ સ્ટેશન લાવેલા. વધુમાં તેમની જુબાની મુજબ રવિન્દ્ર તેણીને તેના ઘરે, સુરત અને અંકલેશ્વર લઈ ગયેલ ત્યાં તેની સાથે કાંઈ કરેલ નહીં. વધુમાં, તેમની જુબાની મુજબ પોલીસને તેણીએ અંકલેશ્વર મુકામે જગ્યા બતાવેલી, તેમજ પોલીસને તેણીએ કપડા આપેલા. આ સાહેદની જુબાની જોતાં ડોકટરે તેણીને બનાવ બાબતે કાંઈ પુછેલ ના હોવાનું અને પોલીસ તેણીને કોર્ટમાં જવાબ લખાવવા લઈ ગયેલ ના હોવાનું અને તેમના આંક–૩૦ના નિવેદનમાંની સહી પોલીસ સ્ટેશન કરેલ હોવાનું જણાવે છે. આ સાહેદની આરોપી પક્ષે કરવામાં આવેલી ઉલટતપાસમાં તે કબુલ રાખે છે કે, રવિન્દ્ર તેણીને તેની મરજી વિરૂદ્ધ ભગાડી ગયેલ નથી. વધુમાં તે જણાવે છે કે તેણી પોતાની મરજીથી ભાગી ગયેલી. આમ, ભોગબનનારની સમગ્ર જુબાની જોતાં જણાઈ આવે છે કે, ભોગબનનાર અને આરોપી રવિન્દ્ર રાત્રે નદીના પટમાં બેઠેલા હતાં ત્યારે તેણીની માતા જોઈ જતાં તેઓ ત્યાંથી આરોપી રવિન્દ્રના ઘરે ગયેલ અને ત્યાંથી સુરત અને ત્યાંથી અંકલેશ્વર ગીતાલી મુકામે કન્સ્ટ્રકશન સાઈટ ઉપર ગયેલા અને ત્યાંથી પોલીસ તેઓને લઈ આવેલી હોવાનું જણાઈ આવે છે. વધુમાં, ભોગબનનારની જુબાની જોતાં આરોપીએ ભોગબનનાર સાથે શરીરસંભોગ કરેલ હોય તેવી કોઈ હકીકત જણાવેલી નથી.

**૩૫.** ભોગબનનારે વિ. જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ રૂબરૂ બી. એન. એસ. એસ.ની કલમ–૧૮૩ અન્વયે લખાવેલ નિવેદન આંક–૩૦થી રજુ થયેલ છે. આ નિવેદન જોવામાં આવે તો તેમાં ભોગબનનારે લખાવેલ છે કે તે અને

રવિન્દ્ર બંને મળ્યા હતાં તે વખતે તેણીની મમ્મી તેઓને જોઈ ગયેલ જેથી તેણીને માર મારશે તેવી બીક લાગતાં તે રવિન્દ્ર સાથે તેના ઘરે જતી રહેલી અને ત્યારબાદ તેઓ સુરત ગયેલા અને ત્યાંથી અંકલેશ્વર ગયેલા અને ત્યાંથી પોલીસ તેમને પકડીને લાવી. આમ, ભોગબનનારનું આ નિવેદન જોવામાં આવે તો તેનાથી ભોગબનનારની જુબાનીને સમર્થન મળે છે. વધુમાં, તેમનું આ નિવેદન જોવામાં આવે તો તેમાં પણ આરોપીએ તેણીની સાથે શરીરસંભોગ કરેલ હોય તેવી કોઈ હકીકત લખાવેલી નથી.

**૩૬.** ફરીયાદ પક્ષના સાહેદ, મેડીકલ ઓફીસર, ડો. પરસોત્તમભાઇ ગણેશભાઇ રાઠોડ (PW-12, Exh-45)ની જુબાની ભોગબનનારને ગાયનેક તપાસ માટે તેમની પાસે લાવેલા ત્યારે તેમને ગાયનેક વોર્ડમાં દાખલ કરેલા અને ડો. કુંતલ પ્રજાપતિએ ભોગબનનારની ગાયનેક તપાસ કરેલી.

**૩૭.** ફરીયાદ પક્ષના સાહેદ, ગાયનેકોલોજીસ્ટ, ડો. કુંતલકુમાર બાબુભાઇ પ્રજાપતિ (PW-13, Exh-53) ની જુબાની મુજબ ભોગબનનારને ગાયનેક તપાસ માટે તેની સમક્ષ લાવેલા તે વખતે ભોગબનનારે હીસ્ટ્રીમાં જણાવેલ કે, ''હું આરોપી રવિન્દ્ર બાલુભાઈ બારીઆને છેલ્લા દોઢ વર્ષથી ઓળખુ છું અને અમારી વચ્ચે પ્રેમસંબંધ હતો. અમે તા. ૨૦/૫/૨૦૨૫ ના રોજ અંકલેશ્વર ગીતાલી ખાતે ભાગી ગયેલ. ત્યાં કારખાનામાં રૂમ રાખીને રહેતા. તે દરમ્યાન અમે વારંવાર મારી મરજી મુજબ કોઇપણ બળજબરી વિના અને કોન્ડમનો ઉપયોગ કર્યા વિના શારીરીક સબંધ રાખેલ હતો. ત્યારબાદ તા. ૧૮/૯/૨૫ ના રોજ અમારી ધરપકડ થયેલી અને મને સાંજે છ વાગે તપાસ માટે ગોધરા સિવિલ હોસ્પિટલ ખાતે તપાસ માટે લાવેલા '' આ સાહેદે જુબાની દરમ્યાન આંક-૫૪ થી લેબ રીપોર્ટ તથા આંક-૫૫ થી ભોગબનનારનો ગાયનેક રીપોર્ટ રજુ કરેલ છે. આમ, આ ડોકટર સાહેદની જુબાની મુજબ ભોગબનનારે તેમના રૂબરૂની હીસ્ટ્રીમાં આરોપી ભોગબનનારને અંકલેશ્વર ગીતાલી લઈ ગયેલ હોવાની હકીકત લખાવેલી છે તેમજ આરોપીએ તેણીની સાથે શરીરસંબંધ બાંધેલાની હકીકત લખાવેલી છે.

**૩૮.** આમ, ફરીયાદ પક્ષનો પુરાવો જોવામાં ભોગબનનાર (PW-5, Exh-29)

ની જુબાની જોતાં ભોગબનનાર અને આરોપી રવિન્દ્ર રાત્રે નદીના પટમાં બેઠેલા હતાં ત્યારે તેણીની માતા જોઈ જતાં તેઓ ત્યાંથી આરોપી રવિન્દ્રના ઘરે ગયેલ અને ત્યાંથી સુરત અને ત્યાંથી અંકલેશ્વર ગીતાલી મુકામે કન્સ્ટ્રકશન સાઈટ ઉપર ગયેલા અને ત્યાંથી પોલીસ તેઓને લઈ આવેલી હોવાનું જણાઈ આવે છે. ભોગબનનારની આ જુબાનીને ભોગબનનારના આંક–૩૦ના નિવેદનથી સમર્થન મળે છે. વધુમાં, ભોગબનનારે ગાયનેક ડો. કુંતલ પ્રજાપતિ સમક્ષ લખાવેલી હીસ્ટ્રીથી પણ આરોપી અને ભોગબનાર ભાગીને ગીતાલી ગામે ગયેલ હોવાની હકીકતને સમર્થન મળે છે. વધુમાં, પેરોલો ફર્લો સ્ક્વોડના પોલીસ કર્મચારી દલપતસિંહ ચંન્દ્રસિંહ પટેલ (PW-14, Exh-56) ની જુબાની જોતાં ભોગબનનાર અને આરોપી ગીતાલી મુકામેથી મળી આવેલ હોવાની હકીકત તેમની જુબાનીમાં નીકળી આવે છે અને તેથી તેમની આ જુબાનીથી પણ ભોગબનનારની જુબાનીને સમર્થન મળે છે. વધુમાં, પંચ મેહુલ ઠાકોરભાઈ રાણા (PW-4, Exh-25) ની જુબાની તથા પોલીસ સાહેદ રણજીતસિંહ ખાતુસિંહ ચૌહાણ (PW-17, Exh-99)ની જુબાની જોવામાં આવે તો ભોગબનનારે તેઓ જયાં રહેતા હતાં તે ખંજનભાઈની સાઈટ ઉપર આવેલી જગ્યા બતાવેલી હોવાનું નીકળી આવે છે અને તેથી તેઓની જુબાનીથી ભોગબનનારની જુબાનીને સમર્થન મળે છે. આમ, ભોગબનનારની જુબાનીને અન્ય સાહેદોની જુબાનીથી સમર્થન મળતું હોય ભોગબનનારની જુબાની ના માનવાને કોઈ કારણ નથી. આમ, ભોગબનનારની જુબાની તથા તેણીનું આંક–૩૦નું નિવેદન જોતાં તેના ઉપરથી એ પુરવાર થાય છે કે, બનાવની રાતે ભોગબનનાર અને આરોપી નદીના પટમાં મળેલા અને તેઓને તેણીની માતા જોઈ જતાં તેણીને માર મારશે તેવી બીકના કારણે તેઓ ભાગીને આરોપીના ઘરે જતા રહેલા અને ત્યાંથી સુરત અને અંકલેશ્વર ગીતાલી ગયેલા.

**૩૯.** ફરીયાદ પક્ષના સાહેદ, મેડીકલ ઓફીસર, ડો. પરસોત્તમભાઈ ગણેશભાઈ રાઠોડ (PW-12, Exh-45)ની જુબાની મુજબ તા.૧૮/૯/૨૫ ના રોજ સાંજના ૬:૪૦ વાગે આરોપી રવિન્દ્રભાઈ બાલુભાઈ બારીઆને પોલીસ યાદી સાથે મેડીકલ તપાસણી માટે લાવેલા ત્યારે આરોપીએ ઘટના સબંધીત

ઈતિહાસ લખાવેલો. આ સાહેદની જુબાનીમાં આંક–૪૮ થી યાદી, આંક–૪૯ સર્જીકલ તપાસના કાગળો, આંક–૫૦ થી કેસ પેપર, આંક–૫૧ થી લેબ રીપોર્ટ, આંક–પર થી આરોપીનુ એમ.એલ.સી. રજુ  થયેલ છે. આ સાહેદની જુબાની તથા આંક–૪૮  ની યાદી જોતાં આરોપીને પોલીસ લઈને આવેલી હતી એટલે કે જયારે આરોપીને ડોકટર સમક્ષ લાવવામાં આવેલ ત્યારે તે પોલીસ કસ્ટડીમાં હતો. વધુમાં, આરોપીએ લખાવેલી હીસ્ટ્રી જોવામાં આવે તો તે કબુલાત સ્વરૂપની હીસ્ટ્રી છે. ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ – ૨૩(૨) જોવામાં આવે તો પોલીસ કસ્ટડી દરમ્યાન આરોપીએ કોઈપણ વ્યકિત સમક્ષ કરેલી કબુલાત પુરાવામાં ગ્રાહય બનતી નથી. આમ, આરોપીએ પોલીસ કસ્ટડી દરમિયાન ડોકટર સમક્ષ કબુલાત સ્વરૂપની લખાવેલી હીસ્ટ્રી પુરાવામાં ગ્રાહય બનતી નથી. જેથી આ હીસ્ટ્રીની હકીકતોને પુરાવામાં વંચાણે લેવામાં આવેલ નથી.

**૪૦.** આમ, ભોગબનનારની જુબાની જોવામાં આવે તો ભોગબનનારના માતા તેઓને જોઈ જતાં તેણીની માતા તેણીને માર મારશે તેવા ડરથી તે આરોપી સાથે ગયેલી હોવાનું જણાય છે. જેથી, આરોપી ભોગબનનારને ધમકાવીને કે બળજબરીથી કે લલચાવી–ફોસલાવી  લઈ ગયેલ હોય તેમ જણાતું નથી પરંતું ભોગબનનાર પોતાની મરજીથી આરોપી સાથે જતી રહેલ હોવાનું જણાય છે. ફરીયાદ પક્ષ ભોગબનનાર સગીર વયની હોવાનું પુરવાર કરી શકેલ ના હોય અને ભોગબનનારનો પુરાવો જોતાં ભોગબનનાર પોતાની મરજીથી આરોપી સાથે ગયેલ હોવાનું જણાતું હોય અને ભોગબનનારને લઈ જવા માટે આરોપીએ ભોગબનનારને લલચાવેલ હોય તેવો કોઈ પુરાવો નીકળી આવતો ના હોય આરોપીએ ભોગબનનારનું અપહરણ કરેલ હોવાનું કે ભોગબનનારને લગ્નની લાલચ આપી કે તેણીનું યૌન શોષણ કરવાના ઈરાદે ભોગબનનારનું અપનયન કરેલ હોવાનું પુરવાર થઈ શકતું નથી.

**૪૧.** દલીલ ખાતર એમ માની લેવામાં આવે કે ભોગબનનાર સગીર વયની જ હતી તો પણ આરોપીએ ભોગબનનારને તેની સાથે લઈ જવા માટે સમજાવેલ હોય તેમ જણાતું નથી. આ સંજોગોમાં નામદાર સર્વોચ્ચ

અદાલતનો AIR 1965 SC 942 ઉપર પ્રસિદ્ધ થયેલ *"S.Varadarajan Versus State of Madras"* નો ચુકાદો ધ્યાને લેવો ઉચિત જણાય છે.

**૪૨.** નામદાર સર્વોચ્ચ અદાલતે *S. Varadarajan Versus State of Madras (supra)* ના ચુકાદામાં નોંધેલ છે કે,

> 7. The question whether a minor can abandon the guardianship of his or her own guardian and it so the further question whether Savitri could, in acting as she did, be said to have abandoned her father's guardianship may perhaps not be very easy to answer. Fortunately, however, it is not necessary for us to answer either of them upon the view which we take on the other question raised before us and that is that "taking" of Savitri out of the keeping of her father has not been established. 'The offence of "kidnapping from lawful guardianship" is defined this in the first paragraph of sec. 361 of the Indian Penal Code:
>
> "Whoever takes or entices any minor under sixteen years of age if a male, or under eighteen years of age if a female, or any person of unsound mind, out of the keeping of the lawful guardian of such minor or person of unsound mind, without the consent of such guardian is said to kidnap such minor or person from lawful guardianship."
>
> It will thus be seen that taking or enticing away a minor out of the keeping of a lawful guardian is an essential ingredient of the offence of kidnapping. Here, we are not concerned with enticement but what we have to find out is whether the part played by the appellant amounts to "taking" out of the keeping of the lawful guardian of Savitri. We have no doubt that though Savitri had been left by S. Natarajan at the house of his relative K. Natarajan she still continued to be in the lawful keeping of the former but then the question remains as to what is it which the appellant did that constitutes in law "taking". There is not a word in the deposition of Savitri from which an inference could be drawn that she left the house of K. Natarajan at the instance or even a suggestion of the appellant. In fact she candidly admits that on the morning of October 1st, she herself telephoned to the appellant to meet her in his car at a certain place, went up to that place and finding him waiting in the car got into that car of her own accord. No doubt, she says that she did not tell the appellant where to go and that it was the appellant himself who drove the car to Guindy and then to Mylapore and other places. Further, Savitri has stated that she had decided to marry the appellant. There is no suggestion that the appellant took her to the Sub-Registrar's office and got the agreement of marriage registered there (thinking that this was sufficient in law to make them man and wife) by force or blandishments or anything like that. On the other hand the evidence of the girl leaves no

doubt that the insistence of marriage came from her side. The appellant, by complying with her wishes can by no stretch of imagination be said to have taken her out of the keeping of her lawful guardian. After the registration of the agreement both the appellant and Savitri lived as man and wife and visited different places. There is no suggestion in Savitri's evidence, who, it may be mentioned had attained the age of discretion and was on the verge of attaining majority that she was made by the appellant to accompany him by administering any threat to her or by any blandishments. The fact of her accompany him the appellant all along is quite consistent with Savitri's own desire to be the wife of the appellant in which the desire of accompanying him wherever he went was of course implicit. In these circumstances we find nothing from which an inference could be drawn that the appellant had been guilty of taking away Savitri out of the keeping of her father. She willingly accompanied him and the law did not cast upon him the duty of taking her back to her father's house or even of telling her not to accompany him. She was not a child of tender years who was unable to think for herself but, as already stated, was on the verge of attaining majority and was capable of knowing what was good and what was bad for her. ...........

9. It must, however, be borne in mind that there is a distinction between "taking" and allowing a minor to accompany a person. The two expressions are not synonymous though we would like to guard ourselves from laying down that in no conceivable circumstances can the two be regarded as meaning the same thing for the purposes of sec. 361 of the Indian Penal Code. We would limit ourselves to a case like the present where the minor alleged to have been taken by the accused person left her father's protection knowing and having capacity to know the full import of what she was doing voluntarily joins the accused person. In such a case we do not think that the accused can be said to have taken her away from the keeping her lawful guardian. Something more has to be shown in a case of this kind and that is some kind of inducement held out by the accused person or an active participation by him in the formation of the intention of the minor to leave the house of the guardian.

10. It would, however, be sufficient if the prosecution establishes that though immediately prior to the minor leaving the father's protection no active part was played by the accused, he had at some earlier stage solicited or persuaded the minor to do so. In our opinion, if evidence to establish one of those things is lacking it would not be legitimate to infer that the accused is guilty of taking the mirror out of the keeping of the lawful guardian merely because after she has actually left her guardian's house or a house where her guardian had kept her, joined the accused and the accused helped her in her design not to return to her guardian's house by taking her along with him from place to place. No doubt, the part played by the accused could be regarded as facilitating the fulfillment of the intention of the girl. That part, in

> our opinion, falls short of an inducement to the manor to slip out of the keeping of her lawful guardian and is, therefore, not tantamount to "taking".

આમ, નામદાર સર્વોચ્ચ અદાલતે તેમના આ ચુકાદામાં ઠરાવેલ છે કે, ભોગબનનાર જાતે આરોપી પાસે ગયેલી હોય અને આરોપીએ તેની પાસે આવવા ભોગબનનારને લલચાવી ના હોય કે કાંઈ જણાવેલ ના હોય ત્યારે, આરોપીએ ભોગબનનારને સવલત આપેલી હોય તેટલા માત્રથી આરોપી ભોગબનનારને લઈ ગયેલ છે તેમ કહી આરોપીએ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૧ મુજબનો ગુનો બનેલ છે તેમ કહી શકાય નહીં.

**૪૩.** આમ, ભોગબનનાર સગીર વયની હોવાનું માની લેવામાં આવે તો પણ ભોગબનનાર તેણીને તેની માતા માર મારશે તેવા ડરથી આરોપીની સાથે તેના ઘરે અને ત્યારબાદ સુરત, અંકલેશ્વર–ગીતાલી ગામે ગયેલી હોય ત્યારે નામદાર સર્વોચ્ચ અદાલતે તેમના ઉપરોકત ચુકાદામાં ઠરાવ્યા મુજબ આરોપીએ ભોગબનનારનું અપહરણ કરેલ હોવાનું કહી શકાય નહીં.

**૪૪.** આમ, આરોપીએ ભોગબનનારનું અપહરણ કરેલાનું પુરવાર થઈ શકતું નથી કે આરોપીએ ભોગબનનારને લાલચ આપી કે ફોસલાવીને લઈ ગયેલ હોવાનું પુરવાર થઈ શકતું નથી.

**૪૫.** ભોગબનનાર તેમની જુબાનીમાં આરોપીએ તેમની સાથે શરીરસંબંધ બાંધેલ હોય તેવી કોઈ હકીકત જણાવતાં નથી અને તેથી ભોગબનનારે શરીરસંભોગ કરેલ હોવાનું જણાતું નથી. વધુમાં, ભોગબનનારે વિ. જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ રૂબરૂ લખાવેલ આંક–૩૦ના નિવેદનમાં પણ આવી કોઈ હકીકત લખાવેલી નથી. ડોકટર સમક્ષની હીસ્ટ્રીએ માત્ર સમર્થનકારક પુરાવો હોય અને ભોગબનનારની જુબાનીમાં આરોપીએ ભોગબનનાર સાથે શરીરસંભોગ કરેલ હોવાનું જણાવેલ ના હોય ત્યારે ડોકટર સમક્ષની હીસ્ટ્રીના આધારે આરોપીએ ભોગબનનાર સાથે શરીરસંભોગ કરેલ હોવાનું કહી શકાય નહીં અને તેથી આરોપીએ ભોગબનનાર સાથે બાળાત્કાર કરેલ હોવાનું પ્રવેશ જાતીય હુમલો કરેલ હોવાનું પુરવાર થઈ શકતું નથી.

**૪૬.** ફરીયાદ પક્ષના સાહેદ, પોલીસ સ્ટેશન ઓફીસર, ચંદ્રીકાબેન રામસીંગ બારીયા (PW-15, Exh-61) ની જુબાની મુજબ તે પી.એસ.ઓ. તરીકે ગોધરા તાલુકા પો.સ્ટે. ખાતે તેમની ફરજ ઉપર હતા તે દરમ્યાન પી.કે.અસોડા, પી.આઇ. રૂબરૂની ફરીયાદ તેમની તરફ ગુનો રજીસ્ટર થવા આવતા આરોપી વિરૂધ્ધ ગોધરા તાલુકા પો.સ્ટે. ના ગુ.ર.નં. ૮૮૩/૨૫, બી.એન.એસ.ની કલમ ૧૩૭(૨), ૮૭ તથા પોકસો એકટની કલમ ૧૨ મુજબનો ગુનો નોંધી લઈ સુચિપત્ર, ડે.હુકમ તથા ફેકસ મેસેજ તૈયાર કરી આગળની તપાસ પી.કે.અસોડા, પી.આઇ. તરફ મોકલી આપેલ. સદર સાહેદની જુબાની થી આંક–૬૨ થી સુચિપત્ર, તથા આંક–૬૩ થી ડેપ્યુટ હુકમ, આંક–૬૪ થી ફેકસ મેસેજ રજુ કરવામાં આવેલ છે. આમ, આ સાહેદની જુબાની જોતાં તેમને માત્ર ગુનો નોંધવા સિવાય બીજી કોઈ કામગીરી કરેલ ના હોવાનું જણાતું નથી અને તેથી તેમના પુરાવાની કોઇ વિસ્તૃત ચર્ચા કરવામાં આવેલી નથી.

**૪૭.** ફરીયાદ પક્ષના સાહેદ, તપાસ કરનાર અમલદાર, પ્રવિણ ખાતુજી અસોડા (PW-16, Exh-66) ની જુબાની મુજબ ફરીયાદીએ તેમના રૂબરૂ આવી ફરીયાદ આપતા ફરીયાદીના લખાવ્યા મુજબની ફરીયાદ લખી લીધેલ અને ગુનો રજીસ્ટર કરવા પી.એસ.ઓ. તરફ મોકલેલ અને પી.એસ.ઓ.એ. ગુનો નોંધી આગળની તપાસ તેઓએ સંભાળેલ અને સાહેદોના નિવેદન નોંધેલ, ફરીયાદીએ બતાવેલ ગુનાવાળી જગ્યાનું પંચનામું પંચોની હાજરીમાં કરેલ, આરોપી તથા ભોગબનનારની મેડીકલ તપાસણી કરાવેલ, આરોપી તથા ભોગબનનારે બનાવ સમયે પહેરેલ કપડા પંચોની હાજરીમાં કબજે કરેલ, આચાર્ય તથા ત.ક.મંત્રી શ્રીને ભોગબનનારના જન્મ અંગેના પુરાવા આપવા યાદી કરેલ, મુદ્દામાલ એફ.એસ.એલ. પરીક્ષણ માટે મોકલી આપેલ, તપાસના કાગળો વંચાણે લઈ આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો મળી આવતા ચાર્જશીટ દાખલ કરેલ. આ સાહેદની જુબાની જોવામાં તેમને આ ગુનાની તપાસ કરેલ છે અને તે બનાવના નજરે જોનાર સાહેદ નથી જેથી તે બનાવની હકીકતો ઉપર પ્રકાશ પાડી શકે તેમ નથી જેથી તેમની જુબાનની વિસ્તૃત ચર્ચા કરેલી નથી.

**૪૮.** ફરીયાદ પક્ષનો સમગ્ર પુરાવો જોવામાં આવે તો આરોપીએ ભોગબનનારને ફોન આપેલ હોય તેવો પણ કોઈ પુરાવો નીકળી આવતો નથી અને ભોગબનનારની જુબાનીમાં આરોપીએ ભોગબનનારને ફોન નંબર આપેલ હોવાની હકીકત રેકર્ડ ઉપર આવે છે પરંતું તેઓ ફોન ઉપર વાત કરતાં હોય તેવો કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવતો નથી તેમજ આરોપીએ ભોગબનનાર સાથે જાતીય ઈરાદાઓથી ફોન ઉપર વાતો કરેલી હોય તેવો પણ કોઈ પુરાવો નીકળી આવેલો નથી. જેથી, આરોપીએ ભોગબનનાર સાથે જાતીય ઈરાદાઓથી ફોન ઉપર વાતો કરેલ હોવાનું પુરવાર થઈ શકતું નથી.

**૪૯.** આમ, ફરીયાદ પક્ષનો સમગ્ર પુરાવો જોવામાં આવે તો આવે તો આરોપીએ ભોગબનનારનું અપહરણ કરેલાનું કે તેણીની સાથે શરીરસંબંધ બાંધેલાનું પુરવાર થઈ શકતું નથી. આમ, ફરીયાદ પક્ષ એ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી કે, આરોપીએ તા. ૨૦/૫/૨૫ પહેલા ભોગબનનાર સાથે જાતિય ઈરાદાઓથી મોબાઇલ ફોન લઈ આપી, ફોન ઉપર વાતચીત કરી આરોપીએ તા.૨૦/૫/૨૪ ના રાત્રીના દસેક વાગ્યાના સુમારે ભોગબનનાર ઉ.વ.–૧૫ વર્ષ, ૯ માસને પટાવી, ફોસલાવી, લગ્નની લાલચ આપી, શારીરીક શોષણ કરવાના ઈરાદે, તેણીના વાલીની સંમતિ વગર તેણીને તેના વાલીપણામાંથી મોટરસાયકલ ઉપર અપહરણ કરી ચેનપુર, સુરત, અંકલેશ્વર નજીક ગીતાલી ગામે લઈ જઈ ભોગબનનાર સાથે અવાર નવાર શારીરીક સંભોગ કરી તથા ફરીયાદ આપી તે અગાઉ પણ ભોગબનનારના ઘર નજીક અવાર નવાર શારીરીક સંભોગ કરી ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ), ૬૫(૧) તથા ધી પોકસો એકટની કલમ ૪,૬,૧૨ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે. જેથી, મુદ્દા નં. ૨ અને ૩નો જવાબ 'નકારમાં' આપવામાં આવેલ છે.

**મુદ્દા નં. ૪ ::–**

**૫૦.** મુદ્દા નં. ૧ થી ૩ના નિર્ણયને આધિન મુદ્દા નં. ૪ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## –:: આખરી હુકમ ::–

૧. આરોપી રવિન્દ્રભાઇ બલુભાઈ બારીઆ, રહે. ચેનપુર ધાટી ફળીયુ, તા. દેવગઢ બારીઆ, જિ. દાહોદનાઓને નાગરીક સુરક્ષા સંહિતાની કલમ –૧૫૮(૧) અન્વયે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ), ૬૫(૧) તથા પોકસો એકટની કલમ–૪, ૬, ૧૨ મુજબના શિક્ષાપાત્ર ગુનામાં શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આ ગુનાના કામે કબજે લેવાયેલ મુદ્દામાલ કપડાનો અપીલ સમય વિત્યે નાશ કરવો અને કબજે લેવામાં આવેલ મોટર સાઈકલ નં. જીજે–૨૦–બીએ–૪૬૩૩ સંદર્ભે કરવામાં આવેલ વચગાળાનો હુકમ અપીલ સમય વીત્યેથી બિનશરતી કાયમ કરવામાં આવે છે.

૩. દરેક આરોપીએ ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૪૩૭–એ ની જોગવાઈ અન્વયે રૂા. ૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજુ રાખવા.

હુકમ આજરોજ તા.પહેલી માહે–એપ્રીલ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં સહી કરી, વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૧/૦૪/૨૦૨૬
ગોધરા.

(રાકેશ જે. પટેલ )
સ્પે. જજ (પોકસો) અને
ચોથા એડી.સેશન્સ જજ,
પંચમહાલ, મુ.ગોધરા.
UID No.GJ 00833